


# ફર્સ્ટ ટાઇમ વોટર્સના પ્લાન હતાં મોટા ચૂંટણી રદ થતાં પડ્યા તેઓ ભોઠા!

જનરેશન Y

73 વર્ષમાં પહેલી વાર સુરતીઓ આ વખતે મતદાનથી વંચિત રહી ગયા છે. BJPના મુકેશ દલાલ બિનહરીફ વિજેતા જાહેર થતાં સુરતમાં લોકસભાના વિસ્તારમાં 7મી મેના રોજ મતદાન નથી થવાનું બસ એની સાથે જ 29 હજાર નવા મતદારોનો મતદાન કરવાનો હરખ ઓસરી ગયો છે. પહેલી જ વાર મતદાન કરવા થનગની રહેલા યુવાનોએ તો મિત્રોના ગ્રુપ સાથે વોટિંગ કર્યા બાદ અનોખી ઉજવણી કરવાના કેટ કેટલા પ્લાનિંગ કર્યા હતા જેની પર હવે પાણી ફરી વળ્યું છે. તેમણે વોટિંગ બાદ પોતાની હેપ્પીનેસ કઈ રીતે પ્રદર્શિત કરવાના હતા તે મિત્રો-પરિવારને અત્યારે જણાવી રહ્યા છે તો તેઓ પોતે મતદાન નહીં કરી શકાવાને કારણે ડીસએપોઇન્ટેડ છે પણ સાથે જ આજુબાજુના લોકોને એમના પોસ્ટ વોટિંગ પ્લાન્સ જ હવે તેઓ નહીં માણી શકશે તે જાણીને નવાઇ સાથે રમૂજી પણ લાગે છે. ચાલો આપણે જાણીએ તેમના પ્લાનિંગ શું?

### વોટિંગ બાદ મિત્રો સાથે રિલ્સ બનાવવાનો હતો તે જાણીને બધાને હસવું આવે છે: પંકજ જૈન



પંકજે જણાવ્યું કે હું આ વખતે પહેલી જ વાર વોટિંગ કરવાનો હતો એટલે ખૂબ રોમાંચિત હતો. મને થતું હતું કે હું મારા મતાધિકારનો ઉપયોગ કરીને સરકાર બનાવવામાં મારું નાનકડું યોગદાન આપીશ. પણ પછી ખબર પડી મતદાન હવે થવાનું જ નથી એટલે મારું મતદાનને લઈને જે એક્સાઇટમેન્ટ હતું તે તો ઓસરી ગયું પણ મેં વોટિંગ કર્યા બાદ આંગળી પર શાહીના નિશાન દર્શાવતી રિલ્સ મિત્રો સાથે બનાવી ઇન્સ્ટા પર મૂકવાનું પ્લાનિંગ હતું. એ રીતે અમે અમારી ફર્સ્ટ મતદાનની ખુશી વ્યક્ત કરવાના હતા પણ આખી યોજના પાણીમાં ચાલી ગઈ. જેને જેને મારા આ પ્લાનિંગ વિશે ખબર પડી તેમના ફેસ પર નવાઇની સાથે હાસ્ય આવી જાય છે.

### અમે 5 ફ્રેન્ડ્સ ઓરેન્જ કલરના કુર્તા પહેરીને વોટિંગ માટે જવાના હતાં: ખુશી સાકલે



ખુશીએ જણાવ્યું કે હું 22 વર્ષની છું અને ફર્સ્ટ ટાઇમ જ વોટિંગ કરવાની હતી. મારા બીજા ફ્રેન્ડ્સ પણ લગભગ મારી એજ ના જ છે અને તે બધા પણ ફર્સ્ટ ટાઇમ વોટિંગ કરવાના હતાં. અમે બધાએ નક્કી કર્યું હતું કે, એકસરખા કલરના કુર્તા પહેરીને વોટિંગ માટે જઈશું. અને ઓરેન્જ કલરના કુર્તા માટે ઓર્ડર પણ આપી દીધો હતો પણ હવે જ્યારે વોટિંગ થવાનું જ નથી એટલે અમે કુર્તા માટેનો ઓર્ડર કેન્સલ કરાવી દીધો છે. હું ફેમિલી મેમ્બર્સ અને કેટલાક ફ્રેન્ડ્સને વોટિંગ કરવા જતાં જોતી એટલે મને પણ વોટિંગ કરવાની ખૂબ ઈચ્છા હતી જોકે, હવે વોટિંગ કરવાનો અનુભવ મળે તે માટે રાહ જોવી પડશે.

### વોટિંગ કરવા ગાંધીનગરથી આવવાની હતી, જો કે હવે આવીશ પણ મિત્રોને મળીને ચાલી જઈશ: રેહા શાહ



સુરતની રેહા ગાંધીનગરમાં રહીને સ્ટડી કરે છે. તેણે જણાવ્યું કે 8મી મેથી કોલેજની મારી ફાઇનલ ઈયરની એક્ઝામ છે. જો કે, તેના આગલા દિવસે વોટિંગ હોવાથી હું સુરત આવીને વોટિંગ કરીને તરત ગાંધીનગર જવાની હતી પણ હવે ભલે મતદાન નથી થવાનું છતાં હું સુરત મારા ઘરે આવીશ અને મિત્રોને મળીશ પછી ગાંધીનગર રિટર્ન થઈશ. હું મારા મમ્મી પપ્પાના આંગળી પર વોટિંગ કર્યાની નિશાની રૂપે શાહી જોતી ત્યારે મને પણ વોટિંગ કરવાનું અને આવી શાહી મારી આંગળી પર લાગે તેવી ઈચ્છા હતી તેના માટે મારે હજી રાહ જોવી જ પડશે.

### વોટિંગ બાદ ફ્રેન્ડ્સ સાથે પાર્ટી કરવાના પ્લાનીંગનું પિંડું વળી ગયું: યેનાન વર્ગીશ



યેનાને જણાવ્યું કે હું પોલિટિકલ સાયન્સની સ્ટુડન્ટ છું એટલે મારા માટે તો આ ફર્સ્ટ વોટિંગ મોટી વાત હતી. મને એવું દેશપ્રેમની ફીલિંગ પ્રદર્શિત કરી શકીશ. વોટિંગ બાદ ફ્રેન્ડ સર્કલ સાથે ફૂડ પાર્ટી કરી એન્જોયમેન્ટ કરવાનું પ્લાનિંગ હતું જે હવે નહીં થાય તે જાણીને મને ઓળખતા લોકોના ચહેરા પર હાસ્ય આવી જાય છે.

LifeStyle Trends

સુરતી સ્ત્રીઓ પણ હવે ફિટ રહેવા લાગી છે જેના માટે તે વર્કઆઉટનો સહારો લઈ રહી છે. વર્કઆઉટ માટે આરામદાયક કપડાની આવશ્કયતા હોય છે. હેલ્થ અને ફિટનેસને મેન્ટેન રાખવા માટે જીમ અને યોગ એક બેસ્ટ ઓપ્શન છે અને તેને યોગ્ય રીતે કરવા માટે જીમ વેયરની આવશ્યકતા હોય છે અને સાથે જ લેટેસ્ટ ફેશનનું પણ ધ્યાન રાખવામાં આવે છે. તેની મદદથી બોડીની સરળતાથી મુવમેન્ટ કરી શકાય છે. ચાલો આપણે ટ્રેન્ડી જિમ વેયર વિશે જાણીએ...

## ટ્રેન્ડી જિમ વેયર રાખે છે કમ્ફર્ટેબલ, આપે છે અટ્રેકટિવ લુક



### જિમ ટેન્ક ટોપ છે આરામદાયક



ટેન્ક ટોપ એક આરામદાયક જિમ વેયર છે. તે અટ્રેક્ટિવ લુક આપે છે અને તેને પહેરીને તમે ઇઝીલી એક્સરસાઇઝ કરી શકો છો. આ ટેન્ક ટોપ આજકાલ સુરતમાં ખાસ્સા ટ્રેન્ડમાં છે.

### ટાઇટ્સ રાખે છે કમ્ફર્ટેબલ, લાગે છે અટ્રેકટિવ

ટાઇટ્સ ફોર વિમેનને ખાસ્સા પસંદ કરવામાં આવી રહ્યાં છે. વર્કઆઉટ અને એક્સરસાઈઝના સમયે તે કમ્ફર્ટેબલ રાખે છે અને તે દેખાવમાં પણ ખૂબસૂરત લાગે છે.

### જિમ ક્રોપ ટોપ છે સ્ટાઈલિશ આઉટફિટ



ક્રોપ ટોપ્સ આજકાલ જીન્સ પર પહેરવાનો ઘણો ટ્રેન્ડ જોવા મળે છે જે કમર સુધીનાં જ શોર્ટ હોય છે. આજકાલ આવા જ ક્રોપ ટોપ્સ જીમવેઅરમાં પણ પ્રચલિત થયાં છે. આજકાલ જીમીંગ કરતી છોકરીઓમાં તે ખૂબ પોપ્યુલર થયાં છે. સુરતીઓ યુવતીઓ ક્રોપ ટોપથી સ્ટાઈલિશ દેખાઈ રહી છે.

CREATIVE માઈન્ડ્સ

રાંદેરમાં તમે યુસુફ હાફેઝીના ઘરમાં પગ મૂકશો તો તમને એવું જ લાગશે કે તમે મીની મ્યુઝિયમમાં પહોંચી ગયા છો. તેમણે 10 હજાર કલાત્મક એન્ટિક વસ્તુઓથી ઘરને ડેકોરેટિવ લુક આપ્યો છે. પિંક કલરનું ગ્લાસનું કલાત્મક કલેક્શન તો અદભુત છે. તેઓ 15 વર્ષના હશે ત્યારે રાંદેરમાં એન્ટિક વસ્તુઓની હરાજી થતી આ વાત 1975-77ના વર્ષની છે ત્યારે તેઓ આ હરાજી જોવા જતા અને તેમને તેનું ગજબનું આકર્ષણ થયું હતું . બસ પછી તેમને કલાત્મક એન્ટિક વસ્તુઓના કલેક્નશનો શોખ જાગ્યો. તેઓ મુંબઈ, જયપુર, જોધપુર, પુણે, દિલ્હીથી પણ અનોખી વસ્તુઓ મેળવી તેમના ખજાનામાં ઉમેરો કરતા જાય છે. આવો જાણીએ તેમની પાસે પિંક કલેક્શન શું છે? તેમના કલેક્શનમાં બીજી કઈ કલાત્મક એન્ટિક વસ્તુઓ છે...?

# કલાત્મક લેમ્પસથી લઈને બોટલ્સ અને ઝૂમ્મરથી લઈને ઘડા... રાંદેરના આ ઘરમાં જોવા મળશે અદભૂત 'પિન્ક કલેક્શન'





### પિંક કલેક્શન છે ખૂબ જ અટ્રેકટિવ

યુસુફ હાફેઝીના ઘરના ફર્સ્ટ ફ્લોરના રૂમમાં પગ મૂક્તા જ આખો રૂમ પિંક કલરના કલાત્મક ગ્લાસ, બાઉલ, પાઉડર મુકવાનો આકર્ષક ડબ્બો, બોક્સ, શૉ પીસ, પિંક કલરના શેન્ડેલિયર્સ, પાણીનો ઘડો, અત્તરની બોટલ્સનો ખજાનો ખૂબ જ ધ્યાનાકર્ષક લાગે છે. પિંક કલરના આવી લગભગ 100 વર્ષ જૂના 2થી અઢી હજાર ઓબ્જેક્ટ્સ છે. પહેલા આવી પિંક કલરની વસ્તુઓ જાપાન, ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, એકોસ્લોવેકીયા કન્ટ્રીમાં બનતી. જે યુસુફ હાફેઝીએ રાંદેર ટાઉન, મુંબઈ, દિલ્હી, જોધપુરથી મેળવી છે.

### 125 અને 200 વર્ષ જૂના દિવેટ અને કેરોસીનથી ચાલતા નાઈટ લેમ્પ





ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મનીના 25થી 30 દિવેટવાળા કેરોસીનથી ચાલતા નાઈટ લેમ્પ અને હેંગિંગ દીવા પણ છે. હેંગિંગ દીવા પિત્તળ અને



ગ્લાસના છે. પહેલા બર્માથી વહાણવટા દ્વારા કલાત્મક વસ્તુઓ સુરત આવતી હતી. એક 150 વર્ષ જૂનું ઈન્કપોટ છે વ્હાઈટ કલરનું આકર્ષક આ ઈન્કપોટ ડાયમન્ડ જેવું લાગે છે.

### પ્રિન્સ ચાર્લ્સ અને ડાયનાના ફોટાવાળી પ્લેટ સહિત 150 જેટલી ચાઈનીઝ ડિશ અને જાર






યુસુફ હાફેઝીના ઘરમાં કલાત્મક ફૂલપત્તીની ડિઝાઇન વાળી ચાઈનાની સીરામીકની પ્લેટ અને જાર 150 જેટલી પ્લેટ અને જાર છે જે લગભગ 100-150 વર્ષ જૂના છે. પ્રિન્સ ચાર્લ્સ અને ડાયનાના ફોટોવાળી પ્લેટ, કવીન એલિઝાબેથ, કિંગ જ્યોર્જ- 5th અને જ્યોર્જ-8 ના ફોટોવાળા કપ રકાબી લગભગ 60 પીસ છે. 325 વર્ષ જૂની એક યુનિક ડિશ છે ઉપરાંત બ્લ્યુ અને વ્હાઈટ કલરની ફૂલપત્તીની ડિઝાઇનવાળી જેમાં રિયલ સોનું યુઝ થયું છે તેવી ડિશ પણ ધ્યાનાકર્ષક છે.

### મારી પાસે 10 હજાર કલાત્મક વસ્તુઓનું કલેક્શન છે, 34 વર્ષથી છે સંગ્રહનો શોખ: યુસુફ હાફેઝી





66 વર્ષના યુસુફ હાફેઝીને કલાત્મક વસ્તુઓના કલેક્શનનો શોખ 34 વર્ષથી છે. તેમણે જણાવ્યું કે મેં 1990માં રેડકલરનું સેન્ટર શૉ પીસ 1800 રૂપિયામાં ખરીદ્યું હતું. કેનેડામાં દરવર્ષે સપ્ટેમ્બરમાં એન્ટિક વસ્તુઓનું બજાર ભરાય છે ત્યાંથી હું અવનવી એન્ટિક વસ્તુઓ મેળવવા દર વર્ષે કેનેડા જાઉં છું. ઉપરાંત હું ઈંગ્લેડથી પણ એન્ટિક કલાત્મક વસ્તુઓ મેળવું છું. મારો પરિવાર મારા આ અનોખા સંગ્રહ શોખને સપોર્ટ આપે છે. મારી પાસે 10 હજાર કલાત્મક વસ્તુઓ છે જેની સફાઈની મારી મોટી દીકરીએ કરે છે. મારો આ અનોખો સંગ્રહ શોખ જોવા લોકો મારા ઘર સુધી આવે છે.

### જર્મનીના 200 વર્ષ જૂના મિનીએચર સિલાઈ મશીન મુંબઈથી મેળવ્યા છે



જર્મનીના 8થી 10 મિનીએચર સિલાઈ મશીન રાંદેર અને મુંબઈથી મેળવ્યા છે. ઉપરાંત મિનીએચર ઈસ્ત્રી પણ યુસુફ હાફેઝીના કલાત્મક વસ્તુઓના કલેક્શનમાં છે. આ ઉપરાંત મુંબઈથી મેળવેલો એક રથ પણ છે જે જેમાં અર્જુન, કૃષ્ણ ભગવાન અને હનુમાન છે. કેટલાક બાસ્કેટ આકારના શૉ પીસ પણ દેખાવે સુંદર લાગે છે.







### U.k., કેનેડાથી ઘણી રોઝ વોટર બોટલ (અત્તરની બોટલ) મેળવી છે

ઈસ્તંનબુલ, ઈંગ્લેન્ડ, ફ્રાન્સની 250 થી 300 રોઝ વોટર બોટલની ડિઝાઇન આકર્ષક લાગે છે. પહેલા આવી બોટલના અત્તરનો મેરેજમાં આવેલા ગેસ્ટ પર સ્પ્રે થતો. યુસુફ હાફેઝીએ જણાવ્યું કે મેં આ અત્તરની શીશીઓ સુરત, મુંબઈ, કેનેડા અને U.K. થી મંગાવી છે.